# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                   તા. ૧૮-૦૭-૨૦૨૨

દૂધ, દહી, પનીર, કઠોળ, ઘઉંનો લોટ સહિત અનેક રોજબરોજની જરૂરીયાત પર જીએસટી લાગુ કરવામાં આવતાં દરેક જીવન – જરૂરી વસ્તુઓના ભાવો આસમાને આંબી ગયા છે. દરેક વસ્તુઓના **ભાવોમાં તોતીંગ વધારો કરી દેતાં ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગ સૌથી વધુ મુશ્કેલીમાં મૂકાયો છે. "જાયે તો જાયે કહાં" તેવી સ્થિતિ** ઉભી થઈ છે ત્યારે **છાસમાં ૩ રૂપિયા, દહીંમાં ૪ રૂપિયા અને ઘઉંના લોટ, ચોખા અને કઠોળમાં પણ નવા દર લાગુ થતા દેશમાં આજથી મોંઘવારીનો નવો રાઉન્ડ શરૂ થયો છે ત્યારે શું આ છે અચ્છે દિન ? તેવો વેધક પ્રશ્ન** પુછતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, નવા જીએસટીના દરના કારણે ગુજરાતમાં અનાજ-કઠોળથી માંડીને છાસ, દહીં સહિતની ચીજોમાં ભાવવધારો અમલી બન્યો છે. દહીમાં કિલોએ રૂ. ૪ તથા છાસમાં લીટરે રૂ. ૩ નો વધારો લાગુ થયો છે. અનાજ-કઠોળમાં પણ ૫ ટકા વધી ગયા છે. તેવી જ રીતે સ્ટેશનરી આઈટમો, પ્રિન્ટીંગ ઈન્ક વગેરેમાં પણ જીએસટી પેટે ભાવવધારો લાગુ પડ્યો છે. **ખાદ્ય ચીજોમાં અનાજ - કઠોળમાં ૫ ટકા જીએસટી લાગુ પડ્યો છે એટલે આ તમામ ચીજો મોંઘી થઈ છે. ડેરી પ્રોડક્ટમાં પણ ૫ ટકા ટેક્સ લાગુ** પડ્યો છે. અમૂલ, સહિતની છાસમાં લીટર દીઠ રૂ. ૩ તથા દહીમાં કિલો દીઠ રૂ. ૪નો ભાવવધારો લાગુ પડ્યો છે. મધ, સોયાબીન, વટાણા, ઘઉં સહિતના અનાજ વગેરે પણ આ સાથે મોંઘા થયા છે. મોંઘવારીથી ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગ અસહ્ય પિડા અનુભવી રહ્યો છે ત્યારે આજથી **દૂધ, દહીં સહીતની વસ્તુઓ મોંઘીદાટ થઈ ગઈ છે. ગૃહિણીઓનું બજેટ અસ્ત વ્યસ્ત થઈ ગયું** છે. જીએસટીના મૂળ કાયદા તથા નિયમોમાં સતત ફેરફાર કર્યા છે જેના કારણે જીએસટી કાયદાનું સ્વરૂપ ખૂબ જ વિકૃત બની ગયું છે તથા સામે કર પ્રણાલી સરળ થવાના બદલે વધુ જટિલ બની છે. **જીએસટી કાયદા અને નિયમોમાં છેલ્લા ૫ વર્ષ દરમિયાન ૧,૧૦૦ થી પણ વધારે મરજી પ્રમાણેના સંશોધનો કરવામાં આવ્યા** છે જે જીએસટી કાઉન્સિલના સ્વચ્છંદીપણાનું સાક્ષાત ઉદાહરણ છે.

એક તરફ **પેટ્રોલ - ડીઝલ, ગેસના સતત ભાવ વધારો અને બીજીબાજુ રૂપિયાનું સતત અવમુલ્યનથી મોંઘવારી આસમાને** પહોંચી છે. મોંઘવારીના મારથી જનતા પીસાઈ રહી છે સાથોસાથ બેરોજગારી પણ સતત વધતી જાય છે. લોકોના ધંધા-રોજગાર છીનવાઈ રહ્યાં છે. **૨૦૧૪માં જાહેરમાં અચ્છેદિનનો વાયદો કરનાર ભાજપ સરકારની જનતાને શું આ અચ્છેદિનની ભેટ છે ?**

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા